**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૨.૮ ડીગ્રી
લઘુતમ : ૨૫.૩ ડીગ્રી
ભેજ
સવારે ૮૭ ટકા ● સાંજે ૭૨ ટકા

# સે.૧૩/બીમાં સિનિયર સિટિઝન ગ્રૃપ દ્વારા પ્રેરક વૃક્ષારોપણ



ગાંધીનગર, તા.૩૦
ગાંધીનગર હરિયાળું શહેર હોવા સાથે પ્રકૃતિપ્રેમી નાગરિકોનું શહેર છે. શહેરના સે.૧૩બીમાં સિનિયર સિટિઝન ગ્રૃપ દ્વારા લાંબા સમયથી કાળજી અને જહેમત લઈને શોપિંગ સેન્ટર નજીક નંદનવન -૧ વિકસાવ્યું છે. નંદનવન -૧ના વૃક્ષોની સલામતી માટે મનપા દ્વારા ફેન્સિંગ પણ કરી આપવામાં આવ્યું છે. હવે વડીલો દ્વારા નંદનવન-૨ વિકસાવવાનું આયોજન કરાયું છે જેમાં વધુ ૭૦ જેટલા વૃક્ષ વાવવાનો તેમનો ઈરાદો છે જે અંતર્ગત ગઈકાલે દિવાસો નિમિત્તો અમાસ અને પુષ્ય નક્ષત્રના પવિત્ર દિને શુભ દિને ૨૦ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. વડીલો તેમના નિવૃત્તિ સમયકાળનો સદુપયોગ પર્યાવરણ જતનની પ્રવૃતિ પાછળ ખર્ચીને શહેરના નાગરિકો માટે એક પ્રેરક ઉદાહરણ પ્રસ્તુત કરી રહ્યાં છે.

# શ્રાવણમાં શિવને બિલિપત્ર અર્પણ

## બિલિપત્રના મૂળમાં બ્રહ્મા, મધ્યમાં વિષ્ણુ અને અગ્ર ભાગમાં શિવનો વાસ છે

### પાંચ અને સાત પાનનાં બીલી દુર્લભ ગણાય છે

સામાન્ય રીતે ત્રણ પાન સાથેનું બીલીપાન શિવલિંગ પર ચઢાવાય છે. બે કે એક પાનવાળુ બીલી શિવલિંગ પર ચઢાવાતું નથી. એ ખંડિત બીલી કહેવાય છે. ભારતમાં અમુક જગ્યાએ પાંચ અને સાત પાનવાળા બીલીના વૃક્ષ ઉગે છે, પણ બહુ જવલ્લે જ જોવા મળે છે. ગુજરાતમાં રાજકોટ નજીક હલેન્ડા પાસે ભૂતનાથ મહાદેવ મંદિર નજીક સાત પર્ણ ધરાવતું બીલીપાનનું વૃક્ષ ઉગ્યું હતું અને વન વિભાગે એને હેરિટેજ વૃક્ષ જાહેર કર્યું હતું. ઘણા શ્રદ્ધાળુઓ પાંચ પાનવાળા બિલિપત્ર ફોટોફ્રેમમાં મઢાવીને ઘરમાં રાખે છે.



### બીલીના વૃક્ષની નવી જાત વિકસાવાઈ

બિલ્વ વૃક્ષનું મૂળ વતન ભારત છે અહીંથી બીલી મ્યાંનમાર, શ્રીલંકા, બાંગ્લાદેશ, નેપાળ પહોંચ્યાં. ત્યાં પણ મોટા પ્રમાણમાં ઉગે છે. ભારતની કૃષિ અનુસંધાન પરિષદ દ્વારા બીલીની નવી જાત વિકસાવવામાં આવી છે. જેને પંત શિવાની, પંત અપર્ણા, પંત ઉર્વશી, પંત સુજાતા અને નરેન્દ્ર બીલી નામ આપવામાં આવ્યા છે.

### શિવપુરાણ મુજબ બિલ્વપત્રનું વૃક્ષ શિવનું સ્વરૂપ છે

શિવને લગતી ઘણી બધી બાબતો શિવ પુરાણની અંદર કહેવામાં આવી છે. તેમાં કહેવામાં આવ્યું છે કે બિલ્વપત્ર વૃક્ષ ભગવાન શિવનું સ્વરૂપ છે અને તેને શ્રીવૃક્ષ પણ કહેવામાં આવે છે. બિલ્વપત્ર ખૂબ જ પવિત્ર વૃક્ષ છે.

### શિવજીને બિલ્વપત્ર ચઢાવવાની રીત

મહાદેવને બિલ્વપત્ર અર્પણ કરતા ધ્યાન રાખવું જોઈએ કે બિલ્વપત્રને હંમેશા ઉંધુ અર્પણ કરવું જોઈએ. પાનનો લીસો ભાગ શિવલિંગની ટોચ પર હોવું જોઈએ. ૩ થી ૧૧ જેટલા બિલ્વપત્ર અર્પણ કરી શકાય છે. તે જેટલા વધુ હોય એટલા જ વધુ તે શુભ મનાય છે. આખા બિલ્વપત્રનો ઉપયોગ કરવો જોઈએ પાંદડા ક્યાંય પણ કાપી ન લેવા જોઈએ.

ગાંધીનગર, તા. ૩૦
શ્રાવણ માસના પવિત્ર દિવસો શરૂ થયા છે. શહેરમાં દેવાધિ દેવ મહાદેવના મંદિરોમાં વહેલી સવારથી ભક્તોની ભીડ થઈ રહી છે. ભક્તો દ્વારા શિવજીને શ્રદ્ધાપૂર્વક બિલિપત્ર, આંકડાના ફૂલ, કરેણના ફૂલ, દૂધનો અભિષેક કરવામાં આવી રહ્યો છે. ત્યારે આવો જાણીએ ભગવાન શિવજીને બિલિપત્ર કેમ ચઢાવવામાં આવે છે વિગેરે. સ્કંદપુરાણ પ્રમાણે એક વખતે પાર્વતી દેવીના લલાટ પર પ્રસ્વેદ બિંદુ ઉત્પન્ન થયું. તે મંદાર પર્વર પર પડ્યું ત્યાં બિલ્વ વૃક્ષની ઉત્પત્તિ થઈ. બિલ્વપત્રના વૃક્ષની જડમાં ગિરિજા, ડાળીમાં દક્ષયાયની, પાંદડામાં પાર્વતી અને ફળમાં કાત્યાયનીનો વાસ છે. બિલ્વપત્રના મૂળમાં બ્રહ્મા, મધ્યમાં વિષ્ણુ અને અગ્ર ભાગમાં શિવનો વાસ છે. બિલ્વપત્રના ત્રણ પાનમાં મહેદાવેજીના ત્રણ નેત્રો સૂર્ય, ચંદ્ર અને અગ્નિ છે. શિવજીને એક હજાર આંકડાના ફૂલ અને એક હજાર કરણેના ફૂલ ચઢાવવા જેટલું જ ફળ માત્ર એક બિલ્વપત્ર ચઢાવવાથી પ્રાપ્ત થાય છે. આ ઉપરાંત હજારો વાજપેય યજ્ઞ અને હોમ તેમજ કન્યાદાન કર્યાનું ફળ શિવજીને માત્ર એક બિલ્વપત્ર ચઢાવવાથી મળે છે. બિલ્વ પત્રનું સર્જન પાર્વતી દ્વારા થયું હોવાથી શિવજીને બિલ્વપત્ર અત્યંત પ્રિય છે. બિલ્વપત્ર ત્રિદલ છે. બિલ્વપત્રના ત્રણ પાંદડા જ્ઞાન, ભક્તિ અને કર્મનું પ્રતિક છે. શિવજીને બિલ્વપત્ર ચઢાવવાથી લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે. શિવપુરાણ અનુસાર શિવજીને એક વખત ચઢાવેલું બિલિપત્ર જળથી ધોઈને બીજી વખત પણ ચઢાવી શકાય છે. શિવજીને તૂટેલું, ફાટેલું, ડાઘી પડી ગયેલું, મેલું લાગતું બિલિપત્ર ચઢાવવું જોઈએ નહી. બિલ્વપત્રનો ઉપયોગ અનેક પ્રકારના રોગ દૂર કરવા થાય છે.

આયુર્વેદમાં તેનો ઔષધિ તરીકે ઉપયોગ કરવામાં આવે છે. હૃદયરોગ, પેટની બીમારી, જઠરને લગતી બીમારી એવી ઘણી બીમારીઓનો ઈલાજ બિલ્વપત્રથી બનતી ઔષધિઓમાંથી થાય છે.

**જન્મદિને વધામણી**



રમીલાબેન કાંતિભાઈ પરમાર
ગાંધીનગર મહાનગર ભાજપ
મો. ૯૯૨૫૭ ૧૫૦૧૧



શિલ્પા ભરત દેસાઈ
પ્રેસીડેન્ટ, ઈન્ડિયન લાયોનેસ સ્વર્ણિમ ગાંધીનગર
મો. ૮૧૬૦૧ ૨૯૫૮૧



ચાર્વી અનિલ પટેલ



સાધુ કનૈયાલાલ દયારામદાસ



પોપટલાલ એસ.પ્રજાપતિ
પ્રદેશ મહામંત્રી, અખિલ ભારતીય પ્ર.મહાસંઘ
મો.૯૮૨૫૪ ૫૩૪૮૫



દિનેશભાઈ વ્યાસ

# એસ.કે રાજપુત શાળા ખાતે ગ્રીન ડેની ઉજવણી



ગાંધીનગર, તા.૩૦
એસ.કે રાજપુત શાળા ગાંધીનગર સેક્ટર ૫/ડી ખાતે ગ્રીન ડેની ઉજવણી કરવામાં આવી હતી. તેમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓ ગ્રીન કપડાં પહેર્યા હતા.

શાળાના આચાર્ય કિરણબેન પટેલે વનસ્પતિ જીવનનું એક અમૂલ્ય તત્વ છે. વનસ્પતિ વગરનું જીવન કેવું હોય તેના વિશે એના સંવર્ધન અને જાળવણી માટે અને આપણી આસપાસ વનસ્પતિ એના ફાયદા વિશે અને પ્રકૃતિના સંવર્ધન અને સંરક્ષણ કરવા માટે વિસ્તૃત માહિતી આપી હતી. ઘરના કોઈપણ સભ્યના જન્મ દિવસ નિમિત્તે એક વૃક્ષારોપણ કરવું એવો સંકલ્પ કરાવ્યો હતો. શાળાના શિક્ષક નીતાબેન પટેલ આયોજનથી કાર્ય પૂર્ણ કરવામાં આવ્યું હતું.

# શ્રાવણમાં વિવિધ ધાર્મિક સ્થળો માટે ખાસ બસ રૂટ સેવા શરૂ કરાશે

ગાંધીનગર, તા.૩૦
પવિત્ર શ્રાવણ માસને ધ્યાનમાં રાખીને ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેષભાઈ મકવાણા તેમજ ડે. મેયર પ્રેમલસિંહ ગોલના માર્ગદર્શન હેઠળ મહાનગર પાલિકા તથા યોગી એજયુટ્રાન્ઝિટ પ્રા. લી.ના સંયુક્ત ઉપક્રમે ખાસ બસ સેવા શરૂ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. સોમવારથી ગાંધીનગર ખાતે શહેરી બસ સેવા અંતર્ગત આ બસ સેવાની શરૂઆત કરવામાં આવશે. ગાંધીનગરની ધર્મપ્રેમી જનતા પવિત્ર શ્રાવણ માસમાં ધાર્મિક સ્થળોએ સરળતાથી મુસાફરી કરી શકે તે માટે આ સુવિધા શરૂ કરવામાં આવશે. ગાંધીનગર અને તેની આજુબાજુના વિસ્તારમાં આવેલ ધાર્મિક સ્થળોએ શ્રાવણ માસમાં જાહેર પરિવહન દ્વારા સલામત તેમજ આર્થિક પરવડે તેવી વ્યવસ્થા કરવામાં આવશે. વાસણીયા મહાદેવ, ગોગા મહારાજ-ઉનાવા, ગાયત્રી મંદીર માણસા, ઉમિયા મંદિર માણસા, અસુદેવ મહાદેવ-જામલા, અક્ષરધામ, પંચદેવ મંદિર-સેક્ટર-૨૨, જલારામ મંદિર-સેક્ટર ૨૯, સ્વામિ નારાયણ મંદિર- સેક્ટર-૨, ધોળેશ્વર મહાદેવ, વૈષ્ણવદેવી મંદિર, ત્રિમૂર્તિ મંદિર, રૂપાલનું ઐતિહાસિક વરદાયિની માતાનું મંદિર, જૈન તીર્થધામ મંદિર-મહુડી જેવા તમામ સ્થળો પર દર્શન માટે આ ખાસ બસ રૂટ સેવાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રવાસ માટે કોઈપણ પ્રકારનો પાસ માન્ય ગણાશે નહિ,પુખ્ત વયના પ્રવાસીની ટિકિટ રૂ. ૬૦/ અને બાળકો તેમજ સિનિયર સીટીઝનની ટિકિટ રૂ. ૩૦/ રહેશે, આ બસ સેવા શહેરી બસ સેવા બસ સ્ટોપ સેક્ટર- ૬થી ઉપલબ્ધ થશે. પ્રવાસનો સમય સવારે ૮:૧૫ થી સાંજે ૪:૩૦ સુધીનો રહેશે. પ્રવાસ દરમિયાન બપોરે ૧:૦૦ થી ૧:૩૦ વાગે રૂ. ૬૫માં જમવાની અને સાંજે ૧૦ રૂ.માં ચા પીવા માટેની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. જે મરજીયાત છે. આ બસ સેવા ફક્ત શ્રાવણ માસ પુરતી જ ચાલુ રહેશે.

# સમર્પણ શાળાના બાળકો દ્વારા વૃક્ષારોપણ




ગાંધીનગર, તા.૩૦
સમર્પણ શાળાના બાળકો માટે પવિત્ર શ્રાવણ માસમાં વૃક્ષારોપણનો અનોખો કાર્યક્રમ હેમા મંથન ભટ્ટ યોજિત કરવામાં આવ્યો હતો. પવિત્ર શ્રાવણ માસની શરૂઆત બિલીપત્રના છોડની રોપણી કરીને થઈ હતી. 'એક બિલ્વ શિવાર્પણમ્' કહીને ગાંધીનગર સાહિત્યસભાના અધ્યક્ષ સંજય થોરાત, ટ્રસ્ટી સુનીલ કુમાર કેસરી, આચાર્ય પાયલ આચાર્ય, ડૉ. એન. ડી. પાંડે, હેમા ભટ્ટ અને અલ્તાફ ધાંધુકિયા સાથે મળીને બિલીપત્રના છોડની રોપણી દેવાધિદેવ મહાદેવના શ્લોક પઠન સાથે કરી હતી.

ગાંધીનગર ઈન્ફોસિટી ખાતે આવેલી જોબ પેડિયા ગ્લોબલના યુનાઈટેડ ફોરેસ્ટ પ્રોજેક્ટ હેઠળ અલ્તાફ ધાંધુકિયાની આગેવાની હેઠળ સમર્પણ શાળાના કેમ્પસમાં ૧૦૦૦ વૃક્ષો વાવવાના સંકલ્પ સાથે શુભ શરૂઆત કરી હતી. બિલીપત્ર, ખાખરો, લીમડો, કણજી, અરીઠા, બોરસલી, આસોપાલવ, અર્જુન, જાંબુ, ગુંદા, સરગવો, અરડૂસી, નગોળ, ગરમાળો, બહેડાંના ૧૦૦૦ વૃક્ષોના રોપા સમર્પણ સ્કૂલને ભેટ આપવામાં આવ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું આકર્ષણ એટલે આ વૃક્ષારોપણ કાર્યક્રમમાં નાનાં બાળકોના હસ્તે કરવામાં આવ્યું હતું. દરેક બાળકો એમના નામની નેમ પ્લેટ લઈ આવ્યા હતા. ભવિષ્યમાં આ નામની કાયમી પ્લેટ લગાવવામાં આવશે. બાળકોને પ્રકૃતિ, પર્યાવરણ, ખુશી અને જિંદગીની યાદગાર ક્ષણો મળી રહે એવા ભાવથી આ વૃક્ષારોપણ કરવામાં આવ્યું. આ છોડની પાંચ વર્ષ સુધી જાળવણીની જવાબદારી પણ આ સંસ્થાએ લીધી છે. સમર્પણ શાળાના સ્ટાફ સાથે સિક્યુરિટી, સફાઈ કામદાર અને માળી આ વૃક્ષોની કાળજી લેવાના છે તેમ જણાવ્યું હતું.

# કામધેનુ યુનિવર્સિટી દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા.૩૦
કામધેનુ યુનિવર્સીટી, ગાંધીનગર દ્વારા વૃક્ષારોપણ અભિયાન -સેલ્ફી વિથ સેપલીંગની ઉજવણી તા. ૨૭ જુલાઈએ કુલપતિ ડૉ.એન.એચ. કેલાવાલાની ઉપસ્થિતિમાં કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં કામધેનુ યુનિવર્સીટીના કુલપતિએ વૃક્ષોનું મહત્વ સમજાવતા જણાવ્યું કે વૃક્ષો સજીવોને કેટલા મદદરૂપ થાય છે,જીવન ને સુંદર બનાવે છે વૃક્ષો અને લીલી જગ્યાઓ વચ્ચે સમય વિતાવવો માનસિક તણાવની માત્રાને ઘટાડે છે.સદર બાબત સ્ટુડન્ટ ફોર ડેવલોપમેન્ટ, ગાંધીનગર સાથે એમ.ઓ.યું. પણ કરવામાં આવ્યો હતો. જે આ સંસ્થા યુનિવર્સીટીના વિદ્યાર્થીઓને વૃક્ષારોપણ કરવા પ્રેરણા પૂરી પાડશે.આ સેલ્ફી વિથ સેપલીંગ અભિયાનમાં યુનિવર્સીટીના વિદ્યાર્થીઓ તથા કર્મચારીઓ પોતાના ઘરની નજીક વૃક્ષનું વાવેતર કરી તેના ઉછેરની જવાબદારી લેશે.વિદ્યાર્થીઓ દ્વારા જે તે છોડ સાથેની સેલ્ફી લઈ યુનિવર્સીટીને આપવામાં આવશે જેની પ્રસિદ્ધિ યુનિવર્સીટી દ્વારા બધાજ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર કરવામાં આવનાર છે.આ કાર્યક્રમમાં કામધેનુ યુનિવર્સીટી અધિકારીગણ તથા SFDના અધિકારી ચન્દ્રદિપસિંહ ચુડાસમા, ખેવનાબેન જોશી, ધ્રુવભાઈ પંચાલ દ્વારા પણ વૃક્ષારોપણ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

# વેદ ઈન્ટરનેશનલ સ્કૂલમાં કોલાજ મેકિંગ સ્પર્ધા યોજાઈ



ગાંધીનગર, તા.૩૦
વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, સરગાસણ માં 'કોલાજ મેકિંગ' સ્પર્ધા યોજાવામાં આવી હતી. બાળકોમાં ક્રિએટિવિટી નો વિકાસ કરવા, એકાગ્રતામાં વધારો કરવા તથા જ્ઞાન સાથે ગમ્મત પણ મળી રહે તે હેતુથી વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, સરગાસણમાં આ સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓને અલગ અલગ થીમ આપવામાં આવી હતી. તે પ્રમાણે ખુબ જ સુંદર રીતે બાળકોએ ચિત્ર દોરી અને તેમાં 'કોલાજ વર્ક' કર્યું હતું. જેમાં લેન્ડસ્કેપ કોલાજ, એનીમલ્સ કોલાજ, કલરફુલ સીઝન કોલાજ, એબ્સ્ટ્રેક્ટ શેપ કોલાજ, ફેસ કોલાજ વગેરે થીમ બાળકોને આપવામાં આવી હતી અને આપેલ થીમ પરથી બાળકોએ ખૂબ જ સુંદર મજાનું કોલાજ વર્ક કર્યું હતું.

# ઈંડિયન લાયન્સ ગાંધીનગર સ્વર્ણિમ કલબ દ્વારા શપથ વિધિ કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા.૩૦
ઈન્ડિયન લાયન્સ ગાંધીનગર સ્વર્ણિમ કલબ દ્વારા શપથવિધિ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં અતિથિ પુરોહિત તરીકે કૌશિકભાઈ ટાંક દ્વારા નવા જોડાયેલ સભ્યો, પ્રમુખ તરીકે વિમલા બેન યાદવ, ઉપ પ્રમુખ ડૉ ગુલાબચંદ પટેલ, સેક્રેટરી તરીકે પિયુષ સોલંકી, જોઈન્ટ સેક્રેટરી તરીકે મહેન્દ્રભાઈ ચૌહાણ, સંગઠન મંત્રી તરીકે મૌલિક આસોડિયા, એડવાઈજર તરીકે ચીફ પેટર્ન હિતેશ પંડ્યા, એડવાઈજર ઈમીંજિયેટ પાસ્ટ નેશનલ ચેર પર્સન, એડવાઈજર તરીકે અક્ષયભાઈ ઠક્કર નેશનલ ચેરમેન ઈંડિયન લાયન્સ અને ઈમીંજિયેટ પાસ્ટ પ્રેસિડેન્ટ રાધેશ્યામભાઈ યાદવ અને અન્ય તમામ પદાધિકારીઓને શપથ ગ્રહણ પુરોહિત કૌશિકભાઈ ટાંક દ્વારા કરાવવામાં આવ્યા હતા આ કાર્યક્રમમાં ડૉ ગુલાબચંદ પટેલ ઉપ પ્રમુખનું, મહેન્દ્રભાઈ ચૌહાણ જોઈટ સેક્રેટરી, મંગળસિંહ સોલંકી ઉપપ્રમુખ તથા સંદિપભાઈ ડાફડા નું સન્માન પત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં અતિથિઓનું મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું.

# એસ.જી. અંગ્રેજી શાળામાં વિદ્યાર્થી પ્રતિનિધિ મંડળની નિમણૂંક

એસ.જી. અને એસ.વી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં વિદ્યાર્થી પ્રતિનિધિ મંડળની નિમણૂંક કરવામાં આવી હતી અને વિદ્યાર્થીઓની શપથવિધિ કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

# જે.એમ.ચૌધરી વિદ્યાલયમાં વર્ષાગીત સ્પર્ધા યોજાઈ



જે.એમ.ચૌધરી વિદ્યાલયમાં વર્ષાગીત સ્પર્ધાનું આયોજન કરાયું હતું. જેમાં ધો.૬થી ૮ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.જેનું આયોજન ચૌધરી રીમ્પલબેન અને ચૌધરી ઉષાબેને કર્યું હતું. વર્ષાગીતમાં નિર્ણાયત તરીકે ચૌધરી ભાવનાબેન અને ચૌધરી હંસાબેને પોતાનો નિર્ણય રજુ કરીને વિજેતા જાહેર કર્યા હતા. કાર્યક્રમના અંતે પ્રિન્સીપાલ અંજનાબેને વર્ષાગીત ગાઈને બાળકોને વૃક્ષો વાવવા ઉત્સુક કર્યા હતા.

# સરકારી વિજ્ઞાન કોલેજ દ્વારા "વિશ્વ પ્રકૃતિ સંરક્ષણ દિવસની ઉજવણી



ગાંધીનગર, તા.૩૦
સરકારી વિજ્ઞાન કોલેજ, સે-૧૫, ગાંધીનગરની ઈકો કલબ, વનસ્પતિશાસ્ત્ર વિભાગ અને એનએનએસ ટીમ દ્વારા પ્લાસ્ટિક, પોલીથીનનો ઉપયોગ કરવાનું બંધ કરો અને કાગળ અથવા કપડાંની થેલીનો ઉપયોગ કરોનાં સૂત્રોચ્ચાર કરી ગાંધીનગરના મુખ્ય બસ સ્ટેશન, પથિકાશ્રમ ખાતે વિવિધ સ્લોગન જેવા કે " પ્લાસ્ટિક મુક્ત ભારત" , "પ્લાસ્ટિક હટાવીએ", "પૃથ્વી ને સ્વર્ગ બનાવીએ", "પ્લાસ્ટિક હટાવો, બીમારી બચાવો ", વિદ્યાર્થીઓ દ્વારા સૂત્રોચ્ચાર કરી બસ સ્ટેશનમાં જ્યાં ત્યાં પડેલ પ્લાસ્ટિક કચરો એકત્ર કરી યોગ્ય જગ્યાએ નિકાલ કરવાનું અભિયાન કરવામાં આવ્યું હતું . સંસ્થા ના આચાર્ય ડૉ. એમ. જી. ભટ્ટના માર્ગદર્શનથી કાર્યક્રમ નું સફળ સંચાલન ઈકો કલબ, વનસ્પતિશાસ્ત્ર વિભાગ અને એનએનએસ ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.

# ચિલ્ડ્રન યુનિ.ના સ્થાપના દિને પ્રકાશ જાવડેકર દ્વારા મોદી@૨૦ પુસ્તકનું સત્વપાન

ગાંધીનગર, તા.૩૦
ચિલ્ડ્રન્સ યુનિ. અને આઈઆઈટીઈ ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે ચિલ્ડ્રન્સ યુનિ.ના ૧૩માં સ્થાપના દિવસની ઉજવણી અને મોદી@૨૦ પુસ્તકનું સત્વપાન ૩૧ જુલાઈના રોજ સવારે ૧૧થી ૧ કલાક દરમિયાન યોજવામાં આવશે. આ કાર્યક્રમના અધ્યક્ષ તરીકે ગુજરાતના શિક્ષણમંત્રી જીતુભાઈ વાઘાણી તથા અતિથિ વિશેષ તરીકે રાજયકક્ષાના શિક્ષણમંત્રી કુબેરભાઈ ડીંડોર હાજર રહેશે. કાર્યક્રમના એક વિશેષ આકર્ષણમાં મુખ્ય અતિથી તરીકે ભારત સરકારના પૂર્વ કેન્દ્રીય શિક્ષણમંત્રી પ્રકાશ જાવડેકર ઉપસ્થિત રહીને શ્રોતાઓને મોદી@૨૦ પુસ્તકનું સત્વપાન કરાવશે.

આ ઉપરાંત આ કાર્યક્રમમાં યુનિ.ના કુલપતિ ડૉ.હર્ષદ પટેલ અને અન્ય યુનિ.ના કુલપતિઓ, મહેમાનો તથા યુનિ.ના તમામ શૈક્ષણિક-વહીવટી સ્ટાફને ઉપસ્થિત રહેવાનું જણાવાયું છે.

# બ્રહ્માકુમારીઝ સે-૨૮ ખાતે નિશુલ્ક ડાયાબિટીસ તપાસ કેમ્પનું આયોજન

ગુજરાત રાજ્યના પાટનગર ગાંધીનગરના ૫૭મા જન્મદિવસ નિમિત્તે તારીખ ૦૨ ઓગસ્ટનાં રોજ પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય ગાંધીનગર ખાતે બ્રહ્માકુમારીઝ, ગાંધીનગરની સૌ પ્રથમ હિન્દી વેબ ન્યુઝ ચેનલ, તસવીરે ગાંધીનગર, તેમજ પત્રકાર એકતા પરિષદ દ્વારા, પ્રધાનમંત્રી ભારતીય જન ઔષધિ કેન્દ્ર સેકટર-૨૪ સહયોગથી "Long Live, Healthy Life" કાર્યક્રમ અંતર્ગત "Life Science Diagnostics સેક્ટર ૨૪ શાખાના" ઉદઘાટન "પ્રસંગે પ્રધાનમંત્રી ભારતીય જન ઔષધિ કેન્દ્ર સેકટર ૨૪ નાં સહયોગથી નિશુલ્ક ડાયાબિટીસ અને હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગરની જનતાને આ નિ:શુલ્ક કેમ્પનો લાભ લેવા બ્રહ્માકુમારીઝ, ગાંધીનગર સંચાલિકા કૈલાશ દીદીજી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ.પરમાર મહેન્દ્રભાઈ ઈશ્વરભાઈ** ઉ.વ.૫૬, સેકટર-૧૭
- **સ્વ.દંતાણી નિકુલ મિઠાભાઈ** ઉ.વ.૧૮, ધણપ
- **સ્વ.દંતાણી બાબુભાઈ રાણાભાઈ** ઉ.વ.૫૨, સે-૨૮, ચરેડી છાપરા